આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




જે માણસ સવાલ કરે છે એ કદાચ પાંચ મિનિટ માટે મૂર્ખ ઠરે પણ જે પ્રશ્ન નથી કરતો તે તો જિંદગીભર માટે મૂર્ખ ઠરે છે
- કન્ફ્યુશિયસ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૦ | ૨૧ મે, ૨૦૧૩, મંગળવાર; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરના ડેપ્યુટી મેયરપદે સુભાષ પાંડવ

## વિધાનસભા ચૂંટણી દરમ્યાન કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલ કાઉન્સીલરને ડેપ્યુટી મેયરપદ : મેયર મહેન્દ્રસિંહ રાણા તટસ્થ રહ્યા

ગાંધીનગર, તા. ૨૦

કોંગ્રેસ સાથે વિધાનસભાની ચૂંટણી પહેલા છેડો ફાડનાર શ્રી સુભાષ પાંડવ આજે બે મતની સરસાઈ સાથે ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયરપદે ચૂંટાઈ આવ્યા છે. આ ચૂંટણીમાં થયેલ મતદાનમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા આજે તટસ્થ રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયરની ચૂંટણીને લઈ સર્જાયેલ રાજકીય સસ્પેન્શનો આજે અંત આવ્યો હતો. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે આજે મળેલ સામાન્ય સભામાં ડે. મેયરની ચૂંટણી યોજવામાં આવી હતી.

આજે મળેલ બેઠકનો પ્રારંભ વંદેમાતરમ્‌ની ગાનથી થયો હતો. આ પછી ગત સામાન્યસભાની કાર્યવાહી નોંધને મંજૂરી આપ્યા બાદ ડે. મેયરની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ પ્રક્રિયાનો પ્રારંભ થાય તે પૂર્વે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ પક્ષ તરફથી તેમના સભ્યોને આપવામાં આવેલ મેન્ડેટનું વાંચન કર્યું હતું.

આ પછી ચૂંટણીની પ્રક્રિયા હાથ પર લેવામાં આવી હતી. ભાજપ તરફથી આશિષ દવેએ ડે. મેયર તરીકે શ્રી સુભાષ પાંડવનું નામ સૂચવ્યું હતું. જેને શ્રીમતિ પરાગી પંડ્યાએ સમર્થન આપ્યું હતું. આ પછી કોંગ્રેસ પક્ષ તરફથી પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ શ્રી જીતુ રાયકાના નામની દરખાસ્ત રજુ કરી હતી જેને શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ ટેકો આપ્યો હતો.

આમ બે દરખાસ્તો રજુ થઈ હોવાથી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રથમ શ્રી સુભાષ પાંડવની દરખાસ્ત પર મતદાન થયું હતું. જેમાં ૧૭ સભ્યોએ પોતાના હાથ ઊંચા કરી સમર્થન આપ્યું હતું. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાનું ધ્યાન દોરી મત આપવા માટે કહેવાયું હતું પરંતુ તેઓ મતદાનથી અળગા રહ્યા હતા.

આ પછી શ્રી જીતુ રાયકાના

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : દિપક જાની)

# ભાજપમાં ગણગણાટ-ભારે નિરાશા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયર પદ માટે સુભાષ પાંડવના નામની પસંદગીને લઇ ચૂંટાયેલા પાંખ ઉપરાંત શહેર કાર્યકરોમાં ગણગણાટ શરૂ થઇ જવા પામ્યો છે.

જો કે આજે પણ ભાજપના સ્થાનિક નેતાઓ નામનું કવર આદેશ સાથે લઇ આપવામાંબ બેઠક શરૂ થવાની પાંચથી સાત મિનિટ પહેલાં જ આવ્યા હતા.

નામની જાહેરાત કરતાં પૂર્વે દરેક સભ્યોને મેન્ડેટ આવી દેવામાં આવ્યો હતો. આ પછી મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાની ઉપસ્થિતિમાં સભ્યો બેઠકમાં હાજરી આપવા જતાં હતા તે વેળાએ જાહેરાત કરાઇ હતી.

ડે. મેયર પદ આજે શ્રી ગોવિંદભાઇ પરમાર, શ્રી સંદીપ જયોતિકર અને શ્રી કાર્તિક પટેલના નામ પર ભારે ખેંચતાણ ચાલી હતી. જો કે આ પછી શ્રી સુભાષ પાંડવના નામ પર પસંદગી ઢોળવામાં આવી હતી.

શ્રી સુભાષ પાંડવની પસંદગીને આખરી કરતાં પૂર્વે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાને પણ પ્રદેશ નેતાગીરીને વિશ્વાસમાં લીધા હોવાનું બહાર ચર્ચાઇ રહ્યું છે.

ડે. મેયર તરીકે શ્રી સુભાષ પાંડવની પસંદગીને લઇ ભાજપની ચૂંટાયેલી પાંખમાં પણ નિરાશાનું મોજું પ્રસરી જવા પામ્યું હતું. વિપક્ષી નેતા તરીકે સ્થઆન ધરાવતા શ્રી મનુભાઇ પટેલ પણ સભાની શરૂઆત થવાની તૈયારી ચાલી રહી હતી ત્યારે સભાખંડમાં આવ્યા હતા.

આજે ડે. મેયર શ્રી સુભાષ પાંડવે ચૂંટાયેલા જાહેર થયા બાદ તુરત જ તેમના કાર્યાલયમાં જઇ અને અને તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો અને ત્યારે ભાજપના હાજર કાર્યકરો 'ભારત માતા કી જય'ના નારા લગાવી વાતાવરણ ગજવી દીધું હતું. આ પ્રસંગે મેયર શ્રી રાણા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન શ્રી આશિષ દવે અને કાઉન્સીલરો શ્રી કાર્તિક પટેલ, શ્રી સુરેશ મહેતા, શ્રીમતી પ્રવિબેન દરજી, શ્રીમતી જાગૃતિબેન પુરોહિત, શ્રીમતી પરાગીબેન પંડ્યા, શ્રીમતી રમીલાબેન પરમાર, શ્રી પ્રકાશ પટેલ, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી સંદીપ જયોતિકર સહિત સૌ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત રહેલા કાઉન્સીલરોને પેંડા ખવડાવી મોં મીઠું કરાવાયું હતું.

# આભમાંથી વરસતા અગનગોળા

## હીટવેવના ભરડામાં ગાંધીનગર બન્યુ ગરમીનગર

ગાંધીનગર, તા. ૨૦

મે માસના બીજા પખવાડિયામાં માથુ ફાડી નાંખે તેવી આકરી ગરમી પડી રહી છે. તડકો જરાય સહેવાતો નથી. સુર્યનારાયણના ઉગ્ર મિજાજથી જાણે સમગ્ર સૃષ્ટિ હાંફી રહી છે, અકળાઈ રહી છે તેવુ લાગી રહ્યું છે. આજે મહત્તમ ગરમીનો અનુભવ થયો હતો જો કે હવામાન ખાતાના આંકડાઓ મહત્તમ તાપમાન ૪૩.૨ ડિ.સે. જેટલું જ અનુભવાઈ રહ્યું છે.

સમગ્ર ધરતી સુર્યનારાયણના આકરા તાપથી ધગધગી રહી છે. ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં માથુ ફાડી નાંખે તેવી ગરમી પડી રહી છે. સમગ્ર ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં હીટવેવના સંપૂર્ણ સકંજામાં આવી ગયું છે. ગરમીનો પ્રકોપ જરાય ઘટતો નથી. છેલ્લા ચાર દિવસથી પાટનગરમાં ગરમીનો આંકડો ૪૩ ડિગ્રીથી ઉપર રહ્યો છે. માથુ ફાડી નાંખે તેવી એકધારી ગરમીની અસર પશુ પંખી સહિત સમગ્ર માનવજાત પર થઈ રહી છે. ઉત્તર દિશાથી પશ્ચિમ દિશા તરફ વહેતા પવનોના કારણે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. સમગ્ર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં તો સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી જાણે સ્વયંભૂ કરફ્યુ લાગ્યો હોય તેવો માહોલ રહે છે. વળી ભેજનું પ્રમાણ સવારના સમયે ૬૦ ટકાની આસપાસ રહેતા ભયંકર બફારો અનુભવાય છે. આકરા તાપની સાથે સાથે પરસેવો ખુબ થતાં વસાહતીઓ ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ઘણાં તો કામકાજ મુકી ઘરમાં જ બેસી રહેવાનું પસંદ

● અનુસંધાન પાન-૭ પર

# સોમનાથ ખાતે ઓનલાઈન ગેસ્ટહાઉસ બુકીંગ સુવિધા

## ઘસારાને ધ્યાનમાં લઈ સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રીઓની સુવિધા માટે સુવિધા : આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ

અમદાવાદ, તા. ૨૦

પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવજીના દર્શનાર્થે દર વર્ષે એક કરોડથી વધુની સંખ્યામાં યાત્રાળુઓ અત્રે પધારે છે. સોમનાથજીના દર્શને આવતા યાત્રાળુઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ ઘસારાને ધ્યાને લઈ સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિવિધ યાત્રી સેવાઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. હાલના આધુનિક અને કોમ્પ્યુટર-નેટવર્કિંગ યુગમાં કદમથી કદમ મેળવી ચાલવા માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી www.somnath.org વેબસાઈટ પરથી ઓનલાઈન ગેસ્ટહાઉસ બુકીંગની સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સોમનાથ ટ્રસ્ટના ચેરમેન કેશુભાઈ પટેલના વરદ્ હસ્તે સાગર દર્શન અતિથિગૃહના રૂમનું ઓનલાઈન બુકીંગ કરીને આ સુવિધાને યાત્રાળુઓ માટે ખુલ્લી મુકવામાં આવી છે. હવેથી યાત્રાળુઓ ઘેર બેઠા સોમનાથ તીર્થના સાગર દર્શન અતિથિગૃહના રૂમનું બુકીંગ કરી શકશે. આ સેવાના પ્રારંભ પ્રસંગે ડે.જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, એચડીએફસી બેંકના અધિકારીઓ નિરજ રાઠોડ અને ભરત પંડ્યા, વેબ ડિઝાઈનર પ્રતિશ ઠાકોર અને વિશાલ કામદાર (રેડ સ્ટોન), સોફ્ટવેર ડેવલપર હિતેશભાઈ પટેલ (ધન્વી ઈન્ફોર્મેટીક્સ) અને સોમનાથ ટ્રસ્ટના આઈટી ઓફીસર ભદ્રેશ જોષી, વિજય વસંતે અને સુનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા માટે ટેકનિકલ સહાય માટેનું સમગ્ર આર્થિક યોગદાન પિન્કેશભી કોટેચા (ઈશાન ઈન્ફોટેક-રાજકોટ) તરફથી મળેલ છે.

# જિલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન પટેલનું રાજીનામુ

## મંગીબેન પટેલે અંગત કારણોસર રાજીનામું આપ્યાનું જણાવ્યા છે : કોંગ્રેસ પક્ષે અઢી વર્ષનો સમયગાળો નિયત કર્યો હતો જેના પગલે કાર્યકાળ પૂર્ણ થતાં રાજીનામું અપાયું છે : જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં નવા પ્રમુખની વરણી કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે બનેલ રાજકીય વળાંકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન દિલીપભાઈ પટેલે આજે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપતો પત્ર વિકાસ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી સોંપ્યો છે.

આજે બપોરે ૩ થી સવા-ત્રણના સુમારે શ્રીમતિ મંગીબેન પટેલે પોતાના રાજીનામાનો પત્ર વિકાસ કમિશ્નરને સુપ્રત કર્યો હતો. રાજીનામાના પત્રમાં તેઓ અંગત કારણોસર રાજીનામુ આપી રહ્યાનું જણાવ્યું છે.

શ્રીમતિ પટેલની સહિતની ખરાઈ અને અન્ય કામગીરી તાત્કાલિક હાથ ધરવામાં આવી હતી. હવે વિકાસ કમિશ્નરશ્રી નવા પ્રમુખની ચૂંટણી માટેની તારીખ જાહેર કરશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા ૨૭ની છે જેમાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૧૯ છે. જ્યારે વિપક્ષ ભાજપના સભ્યોની સંખ્યા ૮ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે શ્રીમતિ મંગીબેન પટેલની પ્રમુખ તરીકેની પસંદગી માટે ૨॥ વર્ષનો સમયગાળો નિયત કરી આપ્યો હતો. આજે તેમના કાર્યકાળના ૨॥ વર્ષ પૂર્ણ થતાં તેમણે હોદ્દા પરથી સ્વૈચ્છીક રીતે રાજીનામુ આપી દીધુ છે.



શ્રીમતિ પટેલે રાજીનામુ આપ્યાની વાતનો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી જશુભા રાણાએ એકરાર કર્યો છે.

દરમ્યાન શ્રીમતિ પટેલનું રાજીનામુ પહેલાં લઈ લેવામાં આવ્યું હતું પરંતુ પક્ષની નેતાગીરીએ તે અંગે કોઈ સ્પષ્ટ આદેશો આપ્યા ન હતા અને પક્ષના જ કેટલાક સભ્યોએ ઉભા કરેલા દબાણને પગલે પક્ષના મોવડીમંડળે આજે રાજીનામુ આપી દેવાના આપેલા સંકેતને પગલે તેમણે રાજીનામુ આપી દીધુ હોવાની વાતો કોંગ્રેસના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળી છે.

મૃદુભાષી પ્રમુખ તરીકેની ઓળખ શ્રીમતી પટેલે ઉભી કરી હતી. તેમણે જિલ્લા પંચાયતમાં નવા માળની બાંધકામની કામગીરી કરવા ઉપરાંત જિલ્લાના વિકાસને વેગ આપવા કેટલાક મહત્વના નિર્ણયો પણ કર્યા હતા.

શ્રીમતિ મંગીબેન પટેલના રાજીનામાના પગલે કોંગ્રેસ પક્ષના સભ્યોમાં હવે લોબિંગ શરૂ થઈ જવા પામ્યું છે. જો કે જિલ્લા પંચાયતના નવા પ્રમુખની વરણીની પ્રક્રિયા જૂનના પ્રથમ પખવાડિયામાં થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો કાર્યભાર ઉપપ્રમુખને સોંપવામાં આવશે. જિલ્લા પંચાયતમાં વિવિધ સમિતિઓના ચેરમેનોની નિમણુંકને લઈ થયેલા અસંતોષને પગલે પ્રદેશ નેતાગીરી હવે છાશ ફૂંકી ફૂકીને આગળ વધશે તેમ મનાઈ રહ્યું છે.


આકર્ષક બિઝનેસ
પાર્ટ ટાઈમ / ફુલટાઈમ
MNC સાથે બિઝનેસ તક
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
સંપર્ક કરો
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૯૦૩

LCD TV
રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ
ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬

